# વાંસદામાં 24 કલાકમાં 10 ઇંચ

**વાસંદા** પંથકની તમામ નદીઓ બે કાંઠે વહીઃ કોઝ-વે, ચેકડેમ પાણીમાં ગરક થતાં લોકો પરેશાન



નિલેશ કાપડિયા



વાંસદાઃ વાંસદા તાલુકામાં જોરદાર વરસાદ વરસતા ખેડૂતો સહિત લોકોમાં ખુશીની લહેર જોવા મળી હતી. છેલ્લા બે-ત્રણ દિવસથી ઝરમર વરસાદ બાદ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતાં સમગ્ર વિસ્તારમાં ભારે વરસાદ પડતા છેલ્લા ૨૪ કલાકમાં ૯.૫૧ ઇંચ વરસાદ નોંધાયો હતો. વાંસદા સહિત ઉપરવાસમાં સારો વરસાદ પડતા વાંસદાની કાવેરી અને કાવેરો નદી બંને કાંઠે વહેતી થઈ હતી, અનેક નદી-નાળા કોઝવેકમ ચેકડેમ અને લો-લેવલ પીચિંગ પાણીમાં ગરકાવ થતાં વાહનચાલકો અને સ્થાનિક લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ગ્રામ્ય વિસ્તારના અનેક નીચાણવાળા રસ્તાઓ પર પાણી ફરી વળતાં વહીવટી તંત્ર દ્વારા સુરક્ષાના ભાગરૂપે કેટલાક માર્ગો તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવ્યા હતા. બંધ કરાયેલા માર્ગોમાં જ્યાં વરસાદના પાણી ઉતરતા જ પંચાયત(મા. મ.) પે.વી વાંસદા દ્વારા તાત્કાલિક યુધ્ધના ધોરણે રસ્તા અને કોઝવે સફાઈની કામગીરી હાથ ધરાઈ હતી.

ભારે વરસાદના કારણે 24 રસ્તા બંધ કરવા પડ્યા હતા. જેમાં (૧)કાળાઆંબા વાટી રોડ, (૨) પાલગભણ ગામીત ફળીયા રોડ, (૩)મહુવાસ સરા કેવડી રોડ, (૪)કુરેલીયા તાડ ફળિયા મેઈન રોડથી ભીનાર ગામ ખડકલા ફળિયા ટુ જોઈનીંગ વાંસદા ઉનાઈ રોડ, (૫)વાંદરવેલા દોણજા રોડ, (૬)અંકલાછ ચોંઢા રોડ, (૭)ખાંભલા નવતાડ રોડ, (૮)કેવડી ઉપલા ફળિયા રોડ, (૯)ભીનાર નાનીવાલઝર મોટીવાલઝર રોડ, (૧૦) લાખાવાડી મીંઢોળફળીયાથી ચાપલધરા રોડ, (૧૧)સીંગાડ જાગૃતિફળીયાથી આંગલધરા રોડ, (૧૨)સીંગાડ પેલાડ ફળિયા રોડ, (૧૩)રાજપુર અપ્રોચ રોડ, (૧૪)બારતાડ જીવનબારી રોડ, (૧૫)ચારણવાડા એપ્રોચ રોડ, (૧૬)ઉનાઈ ચરવી પટેલ રોડ, (૧૭)NH 56 થી પાલગભાણ ગામીત ફળીયા રોડ, (૧૮) મોટીભમતી હોલીપાડા રોડ, (૧૯)કુરેલીયા બારતાડ રોડ, (૨૦)મહુવાસ જનાર્દન ફળીયા રોડ, (૨૧)રાણીફળિયા ઉપસલ રોડ, (૨૨)સિણધઈ મોટા ફળીયા રોડ, (૨૩)ભીનાર બારતાડ(ઉ) રોડ અને (૨૪)કૂકડા કુરેલિયા રોડનો સમાવેશ થાય છે.

## અંબિકા નદી ચાર ફૂટે ઓવરફ્લો, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં

બીલીમોરા નજીકથી પસાર થતી અંબિકા નદી ચાર ફૂટે ઓવરફ્લો થતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં. લોકોનાં ઘરમાં પણ પાણી ઘૂસી જતાં સ્થળાંતરની કાર્યવાહી વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હતી. અંબિકા નદીની ક્ષમતા 28 ફૂટની છે. જેની સામે અત્યારે શુક્રવારે રાત્રે 9 વાગ્યે 32 ફૂટ પાણી હોવાનું એટલે કે ચાર ફૂટે ઓવરફ્લો થતી હોવાનું જાણવા મળ્યું છે. જેના કારણે હિન્દુ સ્મશાનભૂમિ, વાળિયા શીપયાર્ડ, દેવધા અને દેસરા વિસ્તારમાં પાણી ભરાયાં હતાં.

## ખેરગામ તાલુકામાં આઠ ઇંચ, ત્રણ રસ્તા બંધ કરાયા

ખેરગામઃ ખેરગામ તાલુકામાં ગુરુવારે સાંજે 6 વાગ્યાથી શુક્રવારે સાંજે 4 વાગ્યા સુધીમાં અંદાજે 200 મિલીમીટર (આશરે 8 ઇંચ) વરસાદ વરસ્યો હતો.

ભારે વરસાદને કારણે અનેક માર્ગો પર પાણી ફરી વળ્યા હતા, જ્યારે તળાવો, ચેકડેમો તેમજ નદી-નાળાઓમાં નવા નીરની આવક થતાં જળસંગ્રહમાં વધારો થયો હતો.

ખાસ કરીને ડાંગરની વાવણી અને રોપણી માટે ઘણા દિવસોથી વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલા ખેડૂતોમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ હતી.

સમયસર વરસાદ પડતાં ખેતીકાર્યોને વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. ખેરગામ બજારમાં એક ઘરમાં વરસાદના પાણી ભરાયા હતા. વરસાદ ધીમો થતા પરિવારે રાહત અનુભવી હતી.

## ઉમરગામમાં સતત ચોથા દિવસે 4 ઇંચઃ પળગામમાં વીજ કરંટ લાગતા ભેસનું મોત

ઉમરગામ: ઉમરગામ તાલુકામાં મેઘ મહેર યથાવત જોવા મળી રહી છે સતત ચોથા દિવસે ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. વાવણી લાયક વરસાદથી ખેડૂતોમાં પણ આનંદની લાગણી જોવા મળી રહી છે. ઉમરગામ તાલુકામાં મંગળવારથી ચોમાસાનો વિધિવત પારંભ થયો છે અને સતત ચાર દિવસથી વરસાદ વરસી રહ્યો છે ગુરુવારે રાતે અને શુક્રવારે સવારથી જ વરસાદનું જોર યથાવત જોવા મળ્યું હતું.

# ગણદેવી તાલુકામાં ૮ ઇંચ 52 રસ્તા પર પાણી ભરાયું

**રેલ-વેની** 60 ફૂટ લાંબી દીવાલનો કેટલોક ભાગ તૂટી પડ્યો, 8 રસ્તા પાણી પાણી



કેરસી બારીયા

બીલીમોરાઃ ગણદેવી તાલુકામાં શુક્રવારે સાંજે ૪ કલાકે વીતેલા ૨૪ કલાકમાં વધુ સાંબેલાધાર ૨૦૩ મીમી (૮.૧૨ ઇંચ) સાથે મોસમનો ૩૪૧ મીમી (૧૩.૬૪ ઇંચ) વરસાદી પાણી ઝીંકાયું હતું. નવસારી જિલ્લામાં મૂશળધાર વરસાદ વરસતા અસ્સલ ચોમાસુ જામ્યું છે. જેને કારણે સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. ગણદેવીમાં ૦૮ માર્ગો ઉપર પાણી વહેતા આવાગમન ઉપર અસર વર્તાઇ હતી. સમગ્ર પંથકમાં વરસાદે જોર પકડતા નદી નાળા અને જળાશયોમાં નવા નીર આવ્યા હતા. ભારે વરસાદને કારણે બીલીમોરાની મહત્તમ શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી. બીલીમોરા રેલવે સ્ટેશનની પ્રશ્ચિમ -દક્ષિણ દિશામાં નાળિયેરી ચાલ સામે રેલવેની કમ્પાઉન્ડ આશરે ૬૦ ફૂટ લાંબી વોલનો ભાગ ધરાશાયી થયો હતો. બીલીમોરા દેસરા ઓવરબ્રિજનો વાઘરેચ નાઇકીવાડ તરફનો ઉતરતા રોડમાં પાણી ફરી વળતા વપરાશ અટકી પડ્યો હતો, મોટી દેવસર અને વેંકટેશનગરમાં પાણી ભરાયા હતા.

બીલીમોરા રેલવે અંડરપાસ પાણીથી છલકાયો હતો. નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. બીલીમોરા અને ગણદેવી વચ્ચે આવેલ નેરોગેજ રેલવે અન્ડર પાસમાં પાણી ભરાતા વાહન વ્યવહાર અટકી પડ્યો હતો.

દેવધા ગામને અડીને પસાર થતી અંબિકા નદીના જળસ્તરમાં વધારો થવાને કારણે ગામવાસીઓને સુરક્ષિત ઉંચાણવાળા સ્થળએ અથવા તો ગામની પ્રાથમિક શાળામાં સુરક્ષિત ખસી જવા તંત્ર દ્વારા લોકોને એલર્ટ કરાયા હતા. લોકમાતા અંબિકા ૯.૦૫ અને કાવેરી ૯ ફૂટે વહેતા નવા નીર આવ્યા હતા.જગતનો તાત ખેતીકામમાં જોતરાયો હતો. દિવસભર અવિરત વરસાદને પગલે અપડાઉન કરતા મુસાફરો, વિદ્યાર્થીઓને હાલાકી પડી હતી.

## ધામણી ગામમાં ચારીપાડા ફળિયામાં વરસાદમાં ઘર તૂટી પડતા એકનું મોત

ધરમપુરઃ ધરમપુર તાલુકાના ધામણી ચારીપાડા ફળિયા ખાતે રહેતા ધાકલભાઈ ધવળુભાઈ કેસરેનું ઘર ભારે વરસાદના કારણે તૂટી પડ્યુ હતું. જેમાં ધાકલભાઈ ઘરની નીચે દબાઈ જવાથી મરણ પામ્યા હતા. જેને પગલે પરિવારજનોમાં શોકની કાલીમા પ્રસરી ગઈ હતી.

## ત્રણ રસ્તા બંધ કરાયા

તાલુકામાં ભારે વરસાદના પગલે ત્રણ જેટલા માર્ગો વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે. એમાં ચીમનપાડા- મરગમાળ રોડ, વાડ કાવલાખાડકથી ખેરગામ કોલેજ રોડ, ખેરગામ બાવરી ફળિયાથી વૈરાગી ફળિયા માર્ગનો સમાવેશ થાય છે.

# વરસાદના 24 કલાક, નવસારી જિલ્લાના 63 રસ્તા બંધ!

**કરોડોની** પ્રી-મોન્સૂન કામગીરીના દાવા વચ્ચે કોઝવે ડૂબ્યા, અંડરપાસ પાણીમાં ગરકાવ; જનતા ફરી મુશ્કેલીમાં




નવસારીઃ છેલ્લા 24 કલાકમાં પડેલા ભારે વરસાદે નવસારી જિલ્લાના માર્ગતંત્રની ફરી એકવાર કસોટી કરી છે. જનસુરક્ષાના હિતમાં જિલ્લા વહીવટીતંત્રે જિલ્લાના 63 માર્ગો વાહનવ્યવહાર માટે બંધ કરવાનો નિર્ણય લીધો છે. નિર્ણય યોગ્ય અને જરૂરી છે, પરંતુ તેની સાથે જ વરસાદી પૂર્વ તૈયારીઓ અને માળખાકીય વિકાસ અંગે ગંભીર સવાલો પણ ઊભા થયા છે.

નવસારી, જલાલપોર, ગણદેવી, ચીખલી, વાંસદા અને ખેરગામ તાલુકાના અનેક કોઝવે ઉપરથી પાણી વહેવા લાગ્યું છે. અનેક રેલવે અંડરપાસ પાણીમાં ગરકાવ થયા છે, જ્યારે કેટલાક માર્ગો ધોવાઈ જવાથી અથવા નુકસાન પામવાથી વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરવો પડ્યો છે. પરિણામે વિદ્યાર્થીઓ, ખેડૂતો, દર્દીઓ, વેપારીઓ અને રોજિંદા મુસાફરી કરતા હજારો લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. દર વર્ષે ચોમાસા પહેલાં ડ્રેનેજ સફાઈ, કોઝવેની મરામત, સંવેદનશીલ સ્થળોની ઓળખ અને વરસાદી પૂર્વ તૈયારીઓના દાવા કરવામાં આવે છે.

છતાં પ્રથમ જ ભારે વરસાદમાં જિલ્લાના 63 માર્ગો બંધ કરવાની નોબત આવે, ત્યારે સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય છે કે આ તૈયારીઓનો લાભ મેદાનમાં ક્યાં દેખાય છે?

દર વર્ષે જે માર્ગો અને કોઝવે વરસાદમાં બંધ થાય છે, ત્યાં કાયમી ઉકેલ માટે શું થયું? ઊંચા પુલ, મજબૂત કોઝવે, અસરકારક ડ્રેનેજ અને વૈકલ્પિક માર્ગોની યોજનાઓ કેટલી આગળ વધી? કે પછી દર વર્ષે માત્ર માર્ગો બંધ કરવાની જાહેરાત જ વરસાદી વ્યવસ્થાપનનો વિકલ્પ બની રહી છે ? જિલ્લા વહીવટીતંત્રે નાગરિકોને બંધ જાહેર કરાયેલા માર્ગો પરથી પસાર ન થવા અને બેરિકેડિંગનું પાલન કરવા અપીલ કરી છે. જાહેર સલામતી માટે આ સૂચનાઓનું પાલન કરવું અત્યંત જરૂરી છે. પરંતુ સાથે જ એ પ્રશ્ન પણ એટલો જ મહત્વનો છે કે દર વર્ષે એકસરખી મુશ્કેલીઓનો સામનો કરતી જનતાને કાયમી રાહત ક્યારે મળશે?

વરસાદ કુદરતી છે, પરંતુ દર વર્ષે એકસરખી સમસ્યાઓનું પુનરાવર્તન હવે માત્ર કુદરતી ઘટના નથી, તે આયોજન, અમલીકરણ અને લાંબા ગાળાના વિકાસની અસરકારકતા અંગે પણ સવાલ ઊભા કરે છે. હવે જિલ્લાની જનતા માત્ર વરસાદ બંધ થવાની નહીં, પરંતુ કાયમી ઉકેલની રાહ જોઈ રહી છે.

# નવસારીજિલ્લાપંચાયતની આઠ સમિતિની રચના

**કારોબારી** સમિતિની કમાન અમિતાબેન પટેલને સોંપાઈ

નવસારીઃ નવસારી જિલ્લા પંચાયતની શુક્રવારે યોજાયેલી સામાન્ય સભામાં લાંબા સમયથી બાકી રહેલી આઠ સમિતિઓના અધ્યક્ષોના નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. સમિતિઓની રચના પૂર્ણ થતાં હવે શિક્ષણ, આરોગ્ય, બાંધકામ, કૃષિ, મહિલા અને બાળ વિકાસ સહિતના વિવિધ વિભાગોના વિકાસ કાર્યોને નવી ગતિ મળવાની અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.પ્રમુખ નિરાલીબેન નાયકની અધ્યક્ષતામાં યોજાયેલી સામાન્ય સભામાં કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે અમિતાબેન પટેલની નિમણૂક કરવામાં આવી હતી, જ્યારે કૌશિકભાઈ પટેલને બાંધકામ સમિતિની જવાબદારી સોંપવામાં આવી હતી. જિલ્લા પંચાયતના વિકાસલક્ષી નિર્ણયો અને વહીવટી કામગીરીમાં કારોબારી સમિતિની મહત્વપૂર્ણ ભૂમિકા હોવાથી આ નિમણૂકને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આ ઉપરાંત શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે તુષારભાઈ પટેલ, સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ તરીકે તિનેશભાઈ નાયકા, ખેડૂત ઉત્પાદન, પશુપાલન અને સિંચાઈ સમિતિના અધ્યક્ષ તરીકે કરસનભાઈ પટેલ, જાહેર આરોગ્ય સમિતિના અધ્યક્ષ તરીકે રાહુલભાઈ પટેલ, મહિલા અને બાળ વિકાસ સમિતિના અધ્યક્ષ તરીકે રમીલાબેન પટેલ તથા અપીલ સમિતિના અધ્યક્ષ તરીકે જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયકની પસંદગી કરવામાં આવી હતી.

## 38 દિવસમાં બદલાયો નિર્ણય!

નવસારીઃ નવસારી જિલ્લા પંચાયતમાં કારોબારી સમિતિના અધ્યક્ષ પદે માત્ર 38 દિવસમાં જ ફેરફાર થતાં રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે. ગત 25 મેના રોજ કારોબારી અધ્યક્ષ તરીકે જાહેર કરાયેલા કૌશિકભાઈ પટેલના સ્થાને સામાન્ય સભામાં અમિતાબેન પટેલના નામની જાહેરાત કરવામાં આવી હતી.

# આંબોસી-ભવઠાણનો પુલ પાણીમાં ગરકાવ : ગામોની અવરજવર ઠપ

**દર** વર્ષે આ પુલ પાણીમાં ડૂબી જતો હોવાથી હજારો લોકોને તકલીફ વેઠવી પડે છે, નવો પુલ બનાવવા ગ્રામજનોની માગ

ધરમપુરઃ ધરમપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા આંબોસી-ભવઠાણ વચ્ચે માન નદી પર આવેલ ડૂબાણવાળો પુલ પ્રથમ ધોધમાર વરસાદમાં પાણીમાં ગરકાવ થઈ જતા આસપાસના અનેક ગામોની અવરજવર સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. આ માર્ગ આંબોસી, ભવઠાણ, પાંડવખડક, જામલીયા, સમરસિંગ, સોદર, ઉલપીડી, કોસીમપાડા, હનમતમાળ, સાદર, વેરા, ઉપલપાડા, કાજણપાડા, મુદદ, બોકુડદરા, પીપલપાડા અને મોરદાહાડ સહિતના ગામોના લોકો માટે ધરમપુર અને વલસાડ જવા-આવવાનો મુખ્ય માર્ગ હોવાથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

પુલ ઉપરથી પાણી ફરી વળતાં વાહનવ્યવહાર કલાકો સુધી બંધ રહ્યો હતો. રોજમદાર કામદારો, ખેડૂતો, વેપારીઓ, નોકરિયાત વર્ગ, દૂધ ઉત્પાદકો તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઓને પોતાના ગંતવ્ય સ્થળે પહોંચવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. અનેક લોકોને પાણીનું સ્તર ઘટે તેની રાહ જોવી પડી હતી. જિલ્લા પંચાયતના માજી સભ્ય કાકડભાઈ ગાવિતે જણાવ્યું હતું કે, આ ડૂબાણવાળો પુલ વર્ષોથી વરસાદી મોસમમાં પાણીમાં ગરકાવ થઈ જાય છે, જેના કારણે દર વર્ષે હજારો ગ્રામજનો મુશ્કેલીમાં મુકાય છે. અનેક વખત તંત્ર સમક્ષ નવો અને ઊંચો પુલ બનાવવા રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. સ્થાનિકોના જણાવ્યા મુજબ આ માર્ગ વિસ્તારની જીવનદોરી સમાન છે. વરસાદી મોસમ દરમિયાન પુલ ડૂબી જતાં અનેક ગામોનો સંપર્ક તૂટી જાય છે અને દૈનિક જીવન તેમજ વેપાર-ધંધા પર પણ તેની સીધી અસર પડે છે.

# વાંસદાનાં અનેક ઘરોમાં ઘૂંટણસમા પાણી, લોકોને પારાવાર મુશ્કેલી

**ઉનાઈ** માતાજીના મંદિરના પ્રવેશદ્વાર પર પાણી ફરી વળ્યા, વાહનવ્યવહાર થંભી ગયો



નિલેશ કાપડિયા

વાંસદાઃ વાંસદા પંથક સહિત સમગ્ર વિસ્તારમાં પડેલા ધોધમાર વરસાદને કારણે અનેક સ્થળોએ જનજીવન પ્રભાવિત બન્યું હતું. ભારે વરસાદના પગલે જાહેર રસ્તાઓ, ગલી-મહોલ્લાઓ અને રહેણાંક વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

વાંસદા પંથકના ગાંધીનગર ફળિયામાં અનેક ઘરોમાં વરસાદી પાણી ઘૂસી જતાં પરિવારો મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતા. લોકો પોતાના ઘરોમાંથી પાણી બહાર કાઢવા માટે સતત પ્રયાસ કરતા જોવા મળ્યા હતા, જ્યારે કેટલાક પરિવારો માટે સ્થિતિ અત્યંત દયનીય બની હતી. આ ઉપરાંત વાંસદાના મોગરાવાડી વિસ્તારમાં પણ ઘરોમાં પાણી ઘૂસી જતાં સ્થાનિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

બીજી તરફ ઉનાઈ ગામમાં રહેણાંક વિસ્તાર તેમજ ઉનાઈ માતાજી મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર નજીક રોડ પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર પણ પ્રભાવિત બન્યો હતો. ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા વધુ ગંભીર બનતાં સ્થાનિકોમાં ચિંતા વ્યાપી હતી. સ્થાનિકોએ વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરવાની માંગ પણ ઉઠાવી હતી.

## વલસાડ જિલ્લામાં 3 સ્ટેટ હાઇ-વે સહિત 41 માર્ગો બંધ

વલસાડઃ જિલ્લાના 41 માર્ગો પર પાણી ફરી વળતાં આ માર્ગો બંધ થઈ ગયા હતા. વલસાડ જિલ્લા ડિઝાસ્ટર મામલતદાર એચ.એચ.કાકલોતરે જણાવ્યું કે, હવામાન ખાતાની આગાહી મુજબ વલસાડમાં મુશળધાર વરસાદ વરસી રહ્યો છે. ઓવરટેપીંગના કારણે ત્રણ સ્ટેટ હાઈવે (૧) વલસાડ-ગુંદલાવ, ખેરગામ, આછવણી અને પાણી ખડક રોડ, (૨) પારડી તાલુકામાં પારડી વેલપરવા, આમલી, તરમાલિયા રોડ અને પારડી તાલુકામાં જ ઉમરસાડી દેસાઈવાડ રોડ બંધ કરવામાં આવ્યા છે. આ સિવાય જિલ્લા પંચાયતના ૩૬ રોડ ઓવરટેપિંગના કારણે બંધ કરવામાં આવ્યા છે. આ સિવાય ઓવરટેપિંગના કારણે જે કોઝવે ડૂબાણમાં ગયા છે ત્યાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બેરીકેટ મુકવા તથા પોલીસ બંદોબસ્ત રાખવા સંબંધિત અધિકારીને જાણ કરવામાં આવી છે.

# ડાંગના 37 કોઝવે પાણીમાં ગરક

**50થી** વધુ ગામ સંપર્ક વિહોણા બન્યા

**દેવીપાડા** નજીક પાણી ફરી વળતા સાપુતારા-વઘઇ માર્ગ પર વાહન વ્યવહાર ખોરવાયો

**અંબિકા**, પૂર્ણા, ખાપરી અને ગીરા નદીઓ બે કાંઠે

**અનેક** સ્થળે ભૂસ્ખલ અને પથ્થરો પડવાની ઘટના

સાપુતારા : શુક્રવારે વહેલી સવારથી જ ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા, શામગહાન,ગલકુંડ, બોરખલ, આહવા, ચીંચલી, ગારખડી, પીપલદહાડ, લવચાલી, પીપલાઈદેવી, સાકરપાતળ, વઘઇ, ઝાવડા, ભેંસકાતરી, કાલીબેલ, સુબિર, મહાલ, બરડીપાડા, સિંગાણા સહિત પૂર્વપટ્ટી અને સરહદીય પંથકોમાં શુક્રવારે દિવસ દરમ્યાન સાંબેલાધાર વરસાદ તૂટી પડતા સર્વત્ર પાણી પાણીની રેલમછેલ ફરી વળી હતી. ડાંગ જિલ્લામાં શુક્રવારે મેઘો રીતસરનો જામતા ઉદગમસ્થાનેથી નીકળતી અંબિકા,ખાપરી,પૂર્ણા અને ગીરા નદીઓ ગાંડીતુર હાલતમાં બની બન્ને કાંઠે થઈ વહેતી જોવા મળી હતી.

જેમાં ઉદગમસ્થાનેથી અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા નદીઓએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ. ડાંગ જિલ્લામાં સાંબેલાધાર વરસાદનાં પગલે ગામડાઓનાં આંતરિક માર્ગો સહીત અનેક મુખ્ય જાહેરમાર્ગો પર ક્યાંક પાણી ભરાયુ હતુ. તો ક્યાંક માર્ગો પર ભુસ્લખલન, તો ક્યાંક માટીનો મલબો અને પથ્થરો ધસી પડવાની ઘટના તો ક્યાંક વૃક્ષો ધરાશયી થવાનાં બનાવો બન્યા છે.

## ડાંગના માર્ગો સલામતી માટે બંધ કરાયા

ડાંગ જિલ્લામાં ભારે વરસાદના પગલે માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકનાં 37 માર્ગો અવરોધાયા.રાજ્યના છેવાડે આવેલા વનાચ્છાદિત ડાંગ જિલ્લામા સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે.
આ વરસાદને પગલે ડાંગ જિલ્લાનાં જિલ્લા પંચાયત હસ્તકના 37 જેટલા માર્ગો વરસાદી પાણીને લઈ, અવરોધાયા છે. જેમાં વઘઇ તાલુકામાં 30 માર્ગો જેમાં (1) માનમોડી બોન્ડારમાળ નિંબારપાડા રોડ,(2) કાંચનપાડાથી સુરગાણા રોડ,(3)વાંઝટઆંબા કોયલીપાડા રોડ,(4)ખાતળ ફાટક ટુ ધોડી રોડ,(5)ધોડવહળ વી.એ. રોડ,(6)મોટીદાબદર લહાનદાબદર નાનપાડા રોડ,(7)દોડીપાડા દગડીઆંબા બેડમાળ રોડ,(8)દોડીપાડા ચિકાર ફળીયા રોડ,(9) ડુંગરડા વી.એ. રોડ,(10)માછળી ખાતળ રોડ -2, (11)પાતળી ગોદડીયા રોડ, (12)ગોદડીયા ટુ પાંડરમાળ રોડ,(13)દોડીપાડા બરડા રોડ, (14)માછળી ચીખલા દિવડ્યાવન રોડ, (15)ધાંગડી કાનત ફળીયા રોડ, (16)દગુનીયા વી.એ. રોડ, (17)બાજ મેઇન રોડ ટુ મલિન રોડ, (18)આહેરડી નડગચોંડ રોડ,(19)નિંચલા ફળીયા કોયલીપાડા રોડ,(20)વાંઝટઆંબા કોયલીપાડા રોડ, (21) ભેંસકાતરી કાકરદા ભોગડીયા એન્જીપાડા રોડ,(22)ચિખલદા વી.એ. રોડ, (23) ભદરપાડા ચિંચોડ રોડ,(24)આહેરેડી બોરદહાડ રોડ, (25)ગીરા દાબદર રોડ,(26)ચિકાર તળાવ ફળીયા રોડ, (27)પાંઢરમાળ ઉપલા ફળીયા રોડ,(28)મેઇન રોડ ટુ આંબાપાડા ચિંચપાડા ઉગા રોડ,(29)સુસરદા વી.એ. રોડ, (30)કાલીબેલ પાંઢરમાળ વાંકન રોડ, જ્યારે આહવા તાલુકામાં કુલ પાંચ માર્ગો જેમાં (1)જાખાના કોટમદર રોડ,(2) બારીપાડા ચિરાપાડા રોડ,(3) રાનપાડા ભાપખલ બારીપાડા રોડ,(4) ચિકટ્યા ગાઢવી રોડ,(5) ભવાનદગઢ ધુળચોંડ આમસરવલણ રોડ. અને સુબીર તાલુકામાં બે જેમાં (1) ઢોગીઆંબા લહાનકસાડ મોટીકસાડ રોડ,(2) કાકડવિહીર ખેરીન્દ્રા ક્યાંક કોઝ વે ઓવર ટોપિંગ થવાથી, તો ક્યાંક સ્લેબ ડ્રેઇન ઓવર ટોપિંગ થવાને કારણે અવરોધાયા છે.